જિલ્લાશિક્ષણાધિકારીકચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

Phone No: (0261) 2662902, Emailsuratdeo@gmail.com, *Web – deosurat.org*

જા.નં./ મા-૨/ સંસ્કૃત સપ્તાહ/૨૦૨૬/ 10701 તારીખ- ૧૧/૦૮/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ, જિ. સુરત.
ખાનગી પ્રાથમિક શાળાઓ (સુરત શહેર),
ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તમામ, જિ. સુરત.

વિષય: માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પિત "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના" અંતર્ગત તા. ૨૫ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"ના આયોજન બાબત.

સંદર્ભ: ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગુ.રા.સં.બો/મકમ/૨૦૨૬-૨૭/ ૩૮૭૫-૩૯૫૮, તા. ૦૭/૦૮/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીના કરકમલો દ્વારા યોજના પંચ કર્મ અંતર્ગત "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના"નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જે અન્વયે તા. ૨૫ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"નું આયોજન કરવા બાબતનો પત્ર તથા ઉજવણી અંગેની રૂપરેખા અત્રેની કચેરીને મળેલ છે, જે આ સાથે સામેલ છે.

આથી, આપની શાળામાં સંલગ્ન રૂપરેખા મુજબ "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"ની ઉજવણીનું આયોજન કરવા જણાવવામાં આવે છે. કરેલ કાર્યક્રમનો અહેવાલ તેમજ ફોટોગ્રાફ્સ **deosurat5@gmail.com** પર બિનચૂક મોકલી આપવાના રહેશે.

નોંધ: સદર ઉજવણી માટે અલગથી કોઈ નાણાકીય સહાય આપવામાં આવશે નહીં. સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો દ્વારા સ્પર્ધાઓ/ કાર્યક્રમો કરવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.-સુરત

બિડાણ:
સંદર્ભદર્શિત પત્ર અને ઉજવણી અંગેની રૂપરેખા.

गुजरातराज्यसंस्कृतबोर्ड
शिक्षणविभागः, गुजरातसर्वकारः
Gujarat State Sanskrit Board
Education Department, Government of Gujarat

सत्यमेव जयते
ગુજરાત સરકાર

ક્રમાંક: ગુ.રા.સં.બો/મકમ/૨૦૨૬-૨૭/૩૮૭૫-૩૯૫૮ (સમય મર્યાદા) — તા.૦૭/૦૮/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ જિલ્લા)

વિષય : માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પિત "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના" અંતર્ગત તા. ૨૫ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન રાજ્યની તમામ શાળાઓમાં "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"ના આયોજન બાબત.

મહોદયશ્રી,

ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૬૯ થી શ્રાવણી પૂર્ણિમાના અવસરે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા કેન્દ્ર અને રાજ્ય સ્તરે સંસ્કૃત દિવસની ઉજવણીની ઘોષણા કરવામાં આવી છે. વિશ્વ સંસ્કૃત દિવસનો મુખ્ય હેતુ સંસ્કૃત ભાષાના સંવર્ધન, ભારતીય જ્ઞાનપરંપરાના સંરક્ષણ તથા સમાજમાં સંસ્કૃત પ્રત્યે જાગૃતિ અને ગૌરવભાવનો વિકાસ કરવાનો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ (NEP-2020)માં ભારતીય ભાષાઓના સંવર્ધન, ભારતીય જ્ઞાનપરંપરાના પુનર્જાગરણ, મૂલ્યઆધારિત શિક્ષણ તથા સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ભારતીય જ્ઞાનપરંપરા, સાંસ્કૃતિક વારસા અને જીવનમૂલ્યો સાથે વિદ્યાર્થીઓને જોડવા માટે સંસ્કૃત ભાષાનું સંવર્ધન અત્યંત આવશ્યક માનવામાં આવ્યું છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત **ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ** દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીના કરકમલોથી યોજનાપંચકમ અંતર્ગત "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના" નું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત દર વર્ષે વિશ્વ સંસ્કૃત દિવસ (શ્રાવણ પૂર્ણિમા) ના અવસરે સંસ્કૃત દિવસના ત્રણ દિવસ પૂર્વે, વિશ્વ સંસ્કૃત દિવસ તથા ત્યારબાદના ત્રણ દિવસ એમ કુલ સાત દિવસ "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"નું આયોજન કરવામાં આવે છે. સંસ્કૃત સપ્તાહ મહોત્સવને માત્ર ઉજવણી તરીકે નહીં પરંતુ **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ, ભારતીય જ્ઞાનપરંપરાના સંવર્ધન, સંસ્કૃત ભાષાના લોકપ્રિયીકરણ તથા વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ચેતનાના વિકાસ માટેના અભિયાન** તરીકે આયોજિત કરવામાં આવે છે.

વર્ષ **૨૦૨૬માં ૨૮ ઓગસ્ટ "વિશ્વ સંસ્કૃત દિવસ" અને તા.૨૫ ઓગસ્ટથી તા. ૩૧ ઓગસ્ટ,૨૦૨૬ (સંસ્કૃત સપ્તાહ)** દરમિયાન સમગ્ર રાજ્યની તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર (ખાનગી) શાળાઓમાં "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"નું આયોજન કરવામાં આવે તથા **તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સંસ્કૃત સપ્તાહના સમાપન પ્રસંગે રાજ્યસ્તરીય "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ સમાપન સમારોહ"નું આયોજન કરવામાં આવશે**, જેમાં સમગ્ર રાજ્યમાં સપ્તાહ દરમિયાન આયોજિત વિવિધ પ્રવૃત્તિઓનું ગૌરવપૂર્ણ સમાપન, શ્રેષ્ઠ આયોજનોનું અવલોકન તથા સંસ્કૃત પ્રચાર-પ્રસાર માટે પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવશે. આથી આપના તાબાની તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર (ખાનગી) શાળાઓમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન નીચે દર્શાવેલ રૂપરેખા મુજબ સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. સદર ઉજવણી માટે અલગથી કોઈ નાણાકીય સહાય સંસ્કૃત બોર્ડ તરફથી આપવામાં આવશે નહિ. સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો દ્વારા સ્પર્ધાઓ કરવાની રહેશે.

નોંધ પર માનનીય અધ્યક્ષશ્રીની આજ્ઞાનુસાર

બિડાણ: (૧) સંસ્કૃત સપ્તાહ કાર્યક્રમની ઉજવણી અંગેની રૂપરેખા

(૨) https://share.google/UzzBqv1dYcD1bKQNn

(૩) દસ સુભાષિતના PDF અને અભ્યાસ માટે QR કોડ સ્કેન કરો

(ડૉ.સંદીપ ભટ્ટ)
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર

સવિનય નકલ રવાના:

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર
- માન.કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર

નકલ રવાના:

- સંસ્કૃત નોડલ અધિકારીશ્રી (માધ્યમિક શાખા તમામ)

સંસ્કૃત સપ્તાહ કાર્યક્રમની ઉજવણી અંગેની રૂપરેખા

અનિવાર્ય વિશિષ્ટ કાર્યક્રમો

સંસ્કૃત સપ્તાહ દરમિયાન નીચે દર્શાવેલ ચાર વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન દરેક શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયો દ્વારા કરવામાં આવે.

(૧) સંસ્કૃત ગૌરવ યાત્રા: તા.૨૫-૦૮-૨૦૨૬(મંગળવાર)

સંસ્કૃત ભાષા, ભારતીય સંસ્કૃતિ તથા ભારતીય જ્ઞાનપરંપરાના પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિના હેતુથી શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયો દ્વારા "સંસ્કૃત ગૌરવ યાત્રા"નું આયોજન કરવામાં આવે. યાત્રામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોની વ્યવસ્થાપન સમિતિના સભ્યો, સ્થાનિક જનપ્રતિનિધિઓ તથા નાગરિકોની સક્રિય સહભાગિતા સુનિશ્ચિત કરવામાં આવે. સંસ્કૃત સૂત્રો, સુભાષિતો, પ્રેરણાદાયી સંદેશો તથા ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી ઝાંખીઓ દ્વારા સમાજમાં સંસ્કૃત પ્રત્યે ગૌરવભાવ અને જનજાગૃતિનું નિર્માણ કરવામાં આવે.

(૨) સંસ્કૃત સંભાષણ દિવસ: તા.૨૭-૦૮-૨૦૨૬(ગુરુવાર)

આ દિવસે શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોના સમગ્ર પરિસરમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો/પ્રાધ્યાપકો તથા કર્મચારીઓ દ્વારા શક્ય તેટલો સંસ્કૃત ભાષામાં સંવાદ, અભિવાદન અને દૈનિક વ્યવહાર કરવામાં આવે. પ્રાર્થના સભા, વર્ગખંડ તથા શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોની વિવિધ પ્રવૃત્તિઓમાં સરળ સંસ્કૃતના પ્રયોગને પ્રોત્સાહન આપી સંસ્કૃતને વ્યવહારની ભાષા તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવે.

(૩) સંસ્કૃત સાહિત્ય દિવસ: તા.૨૯-૦૮-૨૦૨૬(શનિવાર)

વિદ્યાર્થીઓને ભારતની સમૃદ્ધ જ્ઞાનપરંપરા સાથે પરિચિત કરવાના હેતુથી વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, મહાકાવ્યો, સુભાષિતો તથા અન્ય સંસ્કૃત ગ્રંથોના વાચન, વ્યાખ્યાન, પુસ્તક પ્રદર્શન, ગોષ્ઠી, કાવ્યપાઠ, નિબંધ, વક્તૃત્વ, પ્રશ્નોત્તરી તથા અન્ય સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે.

(૪) સામૂહિક સુભાષિત પાઠ દિવસ: તા.૩૧-૦૮-૨૦૨૬(સોમવાર)

સંસ્કૃત સાહિત્યમાં સુભાષિતો જીવનમૂલ્યો, નૈતિકતા, કર્તવ્યબોધ તથા આદર્શ જીવનશૈલીનું અમૂલ્ય માર્ગદર્શન આપે છે. વિદ્યાર્થીઓમાં સંસ્કાર, ભાષાપ્રેમ, સ્મરણશક્તિ તથા મૂલ્યનિષ્ઠ જીવનદષ્ટિનો વિકાસ થાય તે હેતુથી દરેક શાળામાં "સામૂહિક સુભાષિત પાઠ દિવસ"નું આયોજન કરવામાં આવે.

આ કાર્યક્રમ અંતર્ગત **માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા વિવિધ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રસંગોએ ઉદ્ધૃત કરવામાં આવેલ દસ પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતોનું પ્રાર્થના સભા દરમિયાન સામૂહિક પાઠ** કરાવવામાં આવે. વિદ્યાર્થીઓને સુભાષિતોનો અર્થ સમજાવી શુદ્ધ ઉચ્ચારણ સાથે કઠસ્થ કરાવવામાં આવે, જેથી સંસ્કૃત ભાષા પ્રત્યે આત્મીયતા, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવભાવ તથા જીવનમૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા વિકસે.**પત્રમાં આપેલ QR કોડમાં ઉચ્ચારણ સાથેની ઓડિયો કલીપ સામેલ છે.**

૨. વૈકલ્પિક કાર્યક્રમો

ઉપરોક્ત ચાર અનિવાર્ય વિશિષ્ટ કાર્યક્રમો ઉપરાંત શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયો પોતાની સ્થાનિક પરિસ્થિતિ, ઉપલબ્ધ સમય, માનવબળ તથા સંસાધનોને અનુરૂપ સંસ્કૃત સપ્તાહ મહોત્સવ(૨૫ થી ૩૧ ઓગસ્ટ-૨૦૨૬) દરમિયાન એક અથવા વધુ વૈકલ્પિક કાર્યક્રમોનું આયોજન કરી શકશે.

આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરુચિ, ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે ગૌરવભાવ, સર્જનાત્મકતા, સંશોધનવૃત્તિ, નેતૃત્વક્ષમતા તથા સમાજસહભાગિતાનો વિકાસ કરવાનો છે.

આ અંતર્ગત શ્લોકગાન, સ્તોત્રપાઠ, સંસ્કૃત પ્રશ્નમંચ, પ્રતિભા શોધ, નિબંધ, વક્તૃત્વ, સુલેખન, ચિત્ર-પોસ્ટર સ્પર્ધા, દિવાલપત્રિકા, સંસ્કૃત નાટ્ય, કવિ સંમેલન, ભારતીય જ્ઞાનપરંપરા વિષયક વ્યાખ્યાનમાળા, ગ્રંથ પ્રદર્શન, વિદ્વદ્ ગોષ્ઠી, યોગ-આયુર્વેદ જાગૃતિ, ઔષધિ ઉદ્યાન, પંચવટી, પવિત્ર વૃક્ષારોપણ, ડિજિટલ સંસ્કૃત સર્જન, જનજાગૃતિ અભિયાન, સંસ્કૃત કારકિર્દી માર્ગદર્શન, સંસ્કૃત સેવા કાર્યક્રમો તથા સંસ્કૃત ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર વિદ્વાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓના સન્માન જેવા કાર્યક્રમોનું આયોજન કરી શકાશે. સ્થાનિક જરૂરિયાત અને નવીનતા અનુસાર સંસ્કૃતના પ્રચાર-પ્રસારને પ્રોત્સાહન આપતા અન્ય કાર્યક્રમોનું પણ આયોજન કરી શકાશે.

અમલીકરણ બાબતે

1. જિલ્લાના તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર (ખાનગી) શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોમાં આ પરિપત્રનો તાત્કાલિક અમલ સુનિશ્ચિત કરવામાં આવે.
2. દરેક શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોમાં ચારેય અનિવાર્ય વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન ફરજિયાતપણે થાય તેની અસરકારક દેખરેખ રાખવામાં આવે.
3. શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોને વૈકલ્પિક કાર્યક્રમોમાંથી વધુમાં વધુ ગુણવત્તાસભર, સર્જનાત્મક અને જનભાગીદારીયુક્ત કાર્યક્રમો યોજવા પ્રોત્સાહિત કરવામાં આવે.
4. સમગ્ર સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના ભાવને અનુરૂપ રાજ્યવ્યાપી શૈક્ષણિક અને સાંસ્કૃતિક અભિયાન તરીકે કરવામાં આવે.
5. કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ, વિડિયો તથા સંક્ષિપ્ત અહેવાલ જિલ્લા કક્ષાએ સંકલિત કરીને નિયત સમયમર્યાદામાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને મોકલવામાં આવે.
6. તા. **૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રાજ્યસ્તરીય "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ સમાપન સમારોહ"** માટે જિલ્લાના શ્રેષ્ઠ આયોજનો, નવીન પ્રવૃત્તિઓ તથા વિશિષ્ટ સિદ્ધિઓનો સંકલિત અહેવાલ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને સમયસર મોકલવામાં આવે.
7. સંસ્કૃત પ્રોત્સાહન યોજના અંતર્ગત ગત વર્ષે ગ્રાન્ટ મેળવેલ શાળાઓ તેમજ સંસ્કૃત કક્ષ ધરાવતી સંસ્થાઓએ સંસ્કૃત સપ્તાહોત્સવ કાર્યકમની ઉજવણી દરમિયાન મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની રહેશે.

આ પરિપત્રનો તાત્કાલિક અમલ સુનિશ્ચિત કરી રાજ્યની તમામ શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોમાં **સંસ્કૃત સપ્તાહ મહોત્સવને લોકભાગીદારી, શૈક્ષણિક ગુણવત્તા અને સાંસ્કૃતિક ગૌરવ સાથે સફળતાપૂર્વક ઉજવવામાં આવે**.

उत्साहो बलवानार्य नास्त्युत्साहात्परं बलम् ।
सोत्साहस्य हि लोकेषु न किञ्चिदपि दुर्लभम् ॥ १ ॥

हे आर्य ! उत्साहः बलवान् अस्ति। उत्साहात् परं बलं नास्ति। लोके उत्साहेन परिपूर्णस्य पुरुषस्य कृते न किमपि दुर्लभमस्ति।
ઉત્સાહથી ભરેલો વ્યક્તિ અત્યંત બળશાળી હોય છે, કારણ કે ઉત્સાહથી વધીને કંઈ જ હોતું નથી. સકારાત્મકતા અને ઉત્સાહથી ભરેલી વ્યક્તિ માટે આ સંસારમાં કંઈ પણ અશક્ય હોતું નથી.
उत्साह से भरा व्यक्ति अत्यंत बलशाली होता है, क्योंकि उत्साह से बढ़कर कुछ नहीं होता। सकारात्मकता और उत्साह से भरे व्यक्ति के लिए इस संसार में कुछ भी असंभव नहीं होता।"

निर्वनो वध्यते व्याघ्रो निर्व्याघ्रं छिद्यते वनम् ।
तस्माद्व्याघ्रो वनं रक्षेद् वनं व्याघ्रं च पालयेत् ॥ २ ॥

यत्र वनं नास्ति तत्र व्याघ्रः वध्यते, यत्र व्याघ्रः न भवति तत् वनं छिद्यते। अतः व्याघ्रः वनं रक्षेत्, वनं च व्याघ्रं पालयेत्।
જંગલ વિનાનો વાઘ માર્યો જાય છે અને વાઘ વિનાનું જંગલ કપાઈ જાય છે. તેથી વાઘે જંગલનું રક્ષણ કરવું જોઈએ અને જંગલે વાઘનું પાલન-પોષણ કરવું જોઈએ.
जहाँ वन (जंगल) नहीं होता वहाँ बाघ मार दिया जाता है, और जहाँ बाघ नहीं होता वह वन काट दिया जाता है। इसलिए बाघ को वन की रक्षा करनी चाहिए, और वन को बाघ का पालन-पोषण करना चाहिए।

क्षणशः कणशश्चैव विद्यामर्थं च साधयेत् ।
क्षणे नष्टे कुतो विद्या कणे नष्टे कुतो धनम् ॥ ३ ॥

विद्यां क्षणशः (समयस्य नियोजनं कृत्वा) अर्थं च कणशः (प्रत्येकं कणस्य संग्रहं कृत्वा) साधयेत्। यदि कालः नश्यति (गच्छति) तर्हि विद्या कुतः (कथम्) प्राप्यते? यदि कणाः नष्टाः भवन्ति तर्हि कुतः धनप्राप्तिः?
દરેક ક્ષણનો ઉપયોગ કરીને વિદ્યા મેળવવી જોઈએ અને દરેક કણ (નાના સિક્કા/અનાજના દાણા)નો સંગ્રહ કરીને ધન કમાવવું જોઈએ. ક્ષણ નષ્ટ થવાથી વિદ્યા ક્યાંથી મળે? અને કણ નષ્ટ થવાથી ધન ક્યાંથી મળે?
मनुष्य को हर एक क्षण का उपयोग करके (समय का सही नियोजन करके) विद्या और प्रत्येक कण का संग्रह करके (छोटे-छोटे हिस्सों को जोड़कर) धन की साधना करनी चाहिए। यदि समय नष्ट हो जाता है (चला जाता है), तो विद्या कहाँ से (कैसे) प्राप्त होगी? और यदि कण नष्ट हो जाते हैं, तो धन की प्राप्ति कहाँ से होगी?

अमन्त्रमक्षरं नास्ति नास्ति मूलमनौषधम् ।
अयोग्यः पुरुषो नास्ति योजकस्तत्र दुर्लभः ॥ ४ ॥

यस्य उपयोगः मन्त्ररूपेण कर्तुं न शक्यते तादृशम् एकमपि अक्षरं न विद्यते। कस्याश्चित् वनस्पतेः मूलं तादृशं नास्ति, यस्मात् भेषजं (औषधं) न सिद्ध्यति। एकः अपि पुरुषः तादृशः नास्ति, यः किमपि कर्तुं सर्वथा अयोग्यः भवति। केवलं तादृशीं योजनां कर्तुं योजकः दुर्लभः अस्ति।
એવો કોઈ અક્ષર નથી જે મંત્ર ન બની શકે, એવું કોઈ મૂળ (મૂળિયું) નથી જેમાંથી દવા ન બની શકે. એવો કોઈ માણસ નથી જે અયોગ્ય હોય, પરંતુ ત્યાં (તેમની સાચી કિંમત સમજીને) તેમને યોગ્ય જગ્યાએ જોડનાર વ્યક્તિ દુર્લભ છે.
ऐसा एक भी अक्षर नहीं है जिसका उपयोग मंत्र के रूप में न किया जा सके। किसी भी वनस्पति (पौधे) की जड़ ऐसी नहीं है जिससे कोई औषधि (दवाई) न बनती हो। एक भी पुरुष (व्यक्ति) ऐसा नहीं है जो कुछ भी करने में पूरी तरह से अयोग्य हो। कमी केवल वैसे तालमेल बिठाने वाले (नियोजन करने वाले) योजक की है, जो दुर्लभ है।

दशपुत्रसमा कन्या दशपुत्रान्प्रवर्धयन् ।
यत्फलं लभते मर्त्यस्तल्लभ्यं कन्ययैकया ॥ ५ ॥

कन्या (पुत्री) दशपुत्रैः समाना अस्ति। दशपुत्रान् प्रवर्धयन् मर्त्यः (मानवः) यत् फलं प्राप्नोति तत् फलम् एकस्याः कन्यायाः परिपालनेनापि लभते।
એક દીકરી (કન્યા) દસ દીકરાઓ સમાન છે. દસ દીકરાઓનો ઉછેર કરવાથી મનુષ્યને જે પુણ્ય કે ફળ મળે છે, તે જ ફળ માત્ર એક દીકરીના યોગ્ય લાલન-પાલન અને ઉછેરથી પ્રાપ્ત થઈ જાય છે.
कन्या (पुत्री) दस पुत्रों के समान होती है। दस पुत्रों का पालन-पोषण करके मनुष्य जो फल प्राप्त करता है, वही फल वह अकेले एक कन्या के अच्छे पालन-पोषण से भी प्राप्त कर लेता है।

एकमप्यक्षरं यस्तु गुरुः शिष्यं प्रबोधयेत् ।
पृथिव्यां नास्ति तद् द्रव्यं यद् दत्त्वा सोऽनृणी भवेत् ॥ ६ ॥

गुरुः शिष्यम् एकम् अपि अक्षरं प्रबोधयेत्। यादृशं द्रव्यं दत्त्वा शिष्यः गुरोः ऋणात् मुक्तः भवेत् तादृशं द्रव्यं निखिलायां पृथिव्याम् नास्ति। यद्यपि गुरुः शिष्यम् एकम् अपि अक्षरं प्रबोधयति तथापि शिष्यः तस्मात् ऋणात् मुक्तः न भवति। यतो हि जगति तादृशं न किमपि द्रव्यं वर्तते यद् दत्त्वा स ऋणमुक्तः भवितुमर्हति।
જે ગુરુ પોતાના શિષ્યને માત્ર એક અક્ષરનું પણ જ્ઞાન આપે છે (અથવા બોધ કરાવે છે), આ આખી પૃથ્વી પર એવી કોઈ વસ્તુ કે ધન નથી, જેને દાનમાં આપીને તે શિષ્ય ગુરુના ઋણમાંથી મુક્ત (ઋણમુક્ત) થઈ શકે.
गुरु शिष्य को एक भी अक्षर (ज्ञान) का बोध कराता है, तो उसे चुकाने के लिए जैसा धन (उपहार) देकर शिष्य गुरु के ऋण (कर्ज) से मुक्त हो सके, वैसा धन इस पूरी पृथ्वी पर नहीं है। यद्यपि गुरु शिष्य को एक भी अक्षर सिखाता है, तो भी शिष्य उस ऋण से मुक्त नहीं हो पाता है। क्योंकि इस संसार में ऐसी कोई भी वस्तु या धन मौजूद नहीं है, जिसे देकर वह इस ऋण से मुक्त हो सके।

पृथिव्यां त्रीणि रत्नानि जलमन्नं सुभाषितम् ।
मूढैः पाषाणखण्डेषु रत्नसंज्ञा विधीयते ॥ ७ ॥

पृथिव्यां जलम् अन्नं सुभाषितं च इत्येतानि त्रीणि रत्नानि सन्ति। परं मूढाः तु पाषाणखण्डेषु रत्नानि भावयन्ति।
પૃથ્વી પર ત્રણ સાચાં રત્નો છે – પાણી, અન્ન (ખોરાક) અને સુભાષિત (સુંદર અને જ્ઞાનયુક્ત વચનો). પરંતુ મૂર્ખ લોકો પથ્થરના ટુકડાઓને (જેમ કે હીરા, માણેક વગેરે) રત્નનું નામ આપે છે.
पृथ्वी पर जल, अन्न और सुभाषित (सुंदर वचन) ही ये तीन वास्तविक रत्न हैं। परंतु मूर्ख लोग पत्थर के टुकड़ों (हीरे, पन्ने आदि) को रत्न समझते हैं।

स्वभावं न जहात्येव साधुरापद्गतोऽपि सन् ।
कर्पूरः पावकस्पृष्टः सौरभं लभतेतराम् ॥ ८ ॥

यथा अग्निना स्पृष्टस्य कर्पूरस्य सौरभः इतोऽपि वर्धते तथा साधुः आपद्गतः सन् अपि स्वभावं न त्यजति।
સજ્જન (શ્રેષ્ઠ) પુરુષ ગમે તેવી આપત્તિ કે મુશ્કેલીમાં આવી પડે તો પણ પોતાના ઉત્તમ સ્વભાવને ક્યારેય છોડતો નથી. જેમ કપૂર અગ્નિના સંપર્કમાં આવતા (સળગવા છતાં) સુગંધ જ ફેલાવે છે.
जैसे आग के संपर्क में आने पर (जलने पर) कपूर की सुगंध और भी अधिक बढ़ जाती है, वैसे ही सज्जन व्यक्ति संकट में पड़ने पर भी अपने अच्छे स्वभाव को नहीं छोड़ता है।

आत्मार्थं जीवलोकेऽस्मिन् को न जीवति मानवः ।
परं परोपकारार्थं यो जीवति स जीवति ॥ ९ ॥

अस्मिन् जीवलोके आत्मार्थं सर्वे मनुष्याः जीवन्ति परं परोपकारार्थं यः जीवति सः एव जीवति। (तस्य एव जीवनं सार्थकतां प्राप्नोति।)
આ સંસારમાં પોતાના (સ્વાર્થ) માટે કયો માણસ નથી જીવતો? (અર્થાત્ બધા જ પોતાના માટે જીવે છે), પરંતુ જે વ્યક્તિ બીજાના ભલા માટે (પરોપકાર માટે) જીવે છે, તેનું જ જીવવું સાચું જીવવું છે.
इस मनुष्य लोक (संसार) में सभी मनुष्य अपने खुद के लिए तो जीते ही हैं, परंतु जो दूसरों की भलाई (परोपकार) के लिए जीता है, वास्तव में उसी का जीना जीना है। (उसी का जीवन सार्थकता को प्राप्त करता है।)

अमृतं संस्कृतं मित्र ! सरसं सरलं वचः ।
एकतामूलकं राष्ट्रे ज्ञानविज्ञानपोषकम् ॥ १० ॥

हे मित्र! संस्कृतम् अमृतमस्ति। सरसं सरलं वचनं चास्ति। तथैव अस्मिन् राष्ट्रे एकतामूलकं ज्ञान-विज्ञान-पोषकं चास्ति। अनेन संस्कृतभाषायाः महत्त्वं प्रतिपाद्यते।

હે મિત્ર! સંસ્કૃત ભાષા અમૃત સમાન છે, તેના વચનો (વાણી) ખૂબ જ રસપ્રદ અને સરળ છે. આ ભાષા રાષ્ટ્રમાં એકતાની ભાવના જગાડનારી છે અને જ્ઞાન તેમજ વિજ્ઞાનનું પોષણ કરનારી (વધારનારી) છે.

हे मित्र! संस्कृत (भाषा) अमृत के समान है। इसके वचन अत्यंत सरस (मधुर) और सरल हैं। इसी तरह, यह इस राष्ट्र में एकता का आधार है तथा ज्ञान और विज्ञान का पोषण करने वाली (बढ़ाने वाली) है। इससे संस्कृत भाषा के महत्व का प्रतिपादन होता है (महत्व पता चलता है)।

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિવિધ પ્રસંગોએ પોતાના સંબોધનોમાં ઉપયોગમાં લેવામાં આવેલ દસ પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતો

૧. ઉત્સાહનું મહત્ત્વ

उत्साहो बलवानार्य नास्त्युत्साहात् परं बलम् ।
सोत्साहस्यास्ति लोकेऽस्मिन् न किञ्चिदपि दुर्लभम् ॥ १

संस्कृतार्थः - हे आर्य ! उत्साहः बलवान् अस्ति। उत्साहात् परं बलं नास्ति। लोकेषु उत्साहेन परिपूर्णस्य पुरुषस्य कृते न किमपि दुर्लभमस्ति ।

ભાવાનુવાદ : હે આર્ય! ઉત્સાહ સૌથી મોટું બળ છે. ઉત્સાહ કરતાં શ્રેષ્ઠ બીજું કોઈ બળ નથી. ઉત્સાહી અને પુરુષાર્થશીલ મનુષ્ય માટે આ જગતમાં કોઈ કાર્ય અશક્ય કે દુર્લભ રહેતું નથી.

English Interpretation- Nothing is as powerful as enthusiasm. Nothing is unachievable for an enthusiastic person in this world.

---

૨. વન અને વાઘનો પરસ્પર સંબંધ

निर्वनो वध्यते व्याघ्रो निर्व्याघ्रं छिद्यते वनम् ।
तस्माद् व्याघ्रो वनं रक्षेत् वनं व्याघ्रं च पालयेत् ॥२

संस्कृतार्थः – यत्र वनं नास्ति तत्र व्याघ्रः वध्यते, यत्र व्याघ्रः न भवति तत् वनं छिद्यते । अतः व्याघ्रः वनं रक्षेत्, वनं च व्याघ्रं पालयेत् ।

ભાવાનુવાદ: જ્યાં વન ન હોય ત્યાં વાઘનો વિનાશ થાય છે અને જ્યાં વાઘ ન હોય ત્યાં વનનો નાશ થાય છે. તેથી વાઘે વનની રક્ષા કરવી જોઈએ અને વને પણ વાઘનું સંરક્ષણ કરવું જોઈએ. બંનેનું અસ્તિત્વ પરસ્પર આધારિત છે.

English Interpretation- In the absence of forest, the tiger is victimized. On the other hand, in the absence of a tiger, the forest is ripped so, let the tiger protect the forest, the forest guard the tiger

---

૩. સમય અને ધનની કિંમત

क्षणशः कणशश्चैव विद्यामर्थं च साधयेत् ।
क्षणे नष्टे कुतो विद्या कणे नष्टे कुतो धनम् ।।३

संस्कृतार्थः- विद्यां क्षणशः (समयस्य नियोजनं कृत्वा) अर्थ च कणशः (प्रत्येक कणस्य सङ्ग्रहं कृत्वा) साधयेत्। यदि कालः नश्यति (गच्छति) तर्हि विद्या कुतः (कथम्) प्राप्यते ? यदि कणाः नष्टाः भवन्ति तर्हिं कुतः धनप्राप्तिः ?

ભાવાનુવાદ : ક્ષણક્ષણનો સદુપયોગ કરીને વિધા અને કણ-કણ ની બચત કરીને ધનનો સંચય કરવો જોઈએ. જો સમય વ્યતિત થઇ ગયો તો વિધા પ્રાપ્ત થતી નથી અને જો કણ નો નાશ થયો તો ધન પ્રાપ્ત થતું નથી.

English Interpretation- Knowledge is sought by using every moment, like wise wealth is earned by using each 'rupees'. When a moment is gone (wasted), how can one get knowledge and if 'rupees' are not collected how can one get ample money?

૪. દરેકમાં કોઈ ને કોઈ ગુણ છે

अमन्त्रमक्षरं नास्ति नास्ति मूलमनौषधम् ।
अयोग्यः पुरुषो नास्ति योजकस्तत्र दुर्लभः ॥४

संस्कृतार्थः - यस्य उपयोगः मन्त्ररूपेण कर्तुं न शक्यते तादृशम् एकमपि अक्षरं न विद्यते । कस्यचित् वनस्पतेः मूलं तादृशं नास्ति , यस्मात् भेषजं (औषधं) न सिद्ध्यति। एकः अपि पुरुषः तादृशः नास्ति, यः किमपि कर्तुं सर्वथा अयोग्यः भवति । केवलं तादृशीं योजनां कर्तुं योजकः दुर्लभः अस्ति ।

ભાવાનુવાદ: એવો કોઈ અક્ષર નથી જે મંત્ર બની શકે નહીં; એવી કોઈ વનસ્પતિનું મૂળ નથી જેમાં ઔષધીય ગુણ ન હોય; અને એવો કોઈ મનુષ્ય નથી જેમાં કોઈ યોગ્યતા ન હોય. પરંતુ દરેકની ક્ષમતા ઓળખીને તેનો યોગ્ય ઉપયોગ કરનાર વિવેકી વ્યક્તિ દુર્લભ હોય છે.

English Interpretation- There is no letter that can not be used as a 'Mantra'. There is no root which has no medicinal property. No man is totally useless or unworthy. Only those who have the ability to identify the worthiness of everything and can accordingly utilize each and every one at the proper place knowing their qualities, are rare to get.

---

૫. પુત્રીનું મહત્ત્વ

दशपुत्रसमा कन्या दशपुत्रान्प्रवर्धयन् ।
यत्फलं लभते मर्त्यस्तल्लभ्यं कन्ययैकया ॥५

संस्कृतार्थः – कन्या (पुत्री) दशपुत्रैः समाना अस्ति। दशपुत्रान् प्रवर्धयन् मर्त्यः (मानवः) यत् फलं प्राप्नोति तत् फलम् एकस्याः कन्यायाः परिपालनेनापि लभते ।

ભાવાનુવાદ : એક પુત્રી દસ પુત્રો સમાન ગણાય છે. જે પુણ્ય અને સંતોષ દસ પુત્રોના ઉછેરથી પ્રાપ્ત થાય છે, તે જ ફળ એક સુસંસ્કૃત પુત્રીના લાલન-પાલનથી પ્રાપ્ત થાય છે. તેથી પુત્રીનું સ્થાન સમાન રીતે ગૌરવપૂર્ણ અને વંદનીય છે.

English Interpretation- One daughter is equal to ten sons. Raising a daughter gives a sense of achievement similar to raising ten sons.(Whatever a person achieves by upbringing ten sons, equates to the achievements attained by raising a single daughter, alone.) The result of the upbringing of ten sons is achieved by the nurturing of a girl child alone.

---

૬. ગુરુઋણનું મહત્ત્વ

एकमप्यक्षरं यस्तु गुरुः शिष्यं प्रबोधयेत् ।
पृथिव्यां नास्ति तद्द्रव्यं यद्दत्वा सोऽनृणी भवेत् ॥६

संस्कृतार्थः- गुरुः शिष्यम् एकम् अपि अक्षरं प्रबोधयेत् । यादृशं द्रव्यं दत्त्वा शिष्यः गुरोः ऋणात् मुक्तः भवेत् तादृशं द्रव्यं निखिलायां पृथिव्यां नास्ति । यद्यपि गुरुः शिष्यम् एकम् अपि अक्षरं प्रबोधयति तथापि शिष्यः तस्मात् ऋणात् मुक्तः न भवति । यतो हि जगति तादृशं न किमपि द्रव्यं वर्तते यद् दत्त्वा स ऋणमुक्तः भवितुमर्हति ।

ભાવાનુવાદ: જે ગુરુ શિષ્યને માત્ર એક અક્ષરનું પણ જ્ઞાન આપે છે, તેના ઉપકારનું ઋણ ચૂકવવા માટે સમગ્ર પૃથ્વી પર એવું કોઈ દ્રવ્ય નથી કે જે અર્પણ કરીને શિષ્ય ગુરુઋણમાંથી મુક્ત થઈ શકે. ગુરુનું ઋણ જીવનભર અપરિમેય અને અચૂક છે.

English Interpretation- Even if the Guru imparts the knowledge of one letter to his disciple, there is nothing on the whole earth by offering which, the disciple can repay his Guru's debt.

૭. પૃથ્વીના ત્રણ સાચા રત્ન

पृथिव्यां त्रीणि रत्नानि जलमन्नं सुभाषितम् ।
मूढैः पाषाणखण्डेषु रत्नसंज्ञा विधीयते ॥७

संस्कृतार्थः – पृथिव्यां जलम् अन्नं सुभाषितं च इत्येतानि त्रीणि रत्नानि सन्ति। परं मूढाः तु पाषाणखण्डान् रत्नानि भावयन्ति ।

ભાવાનુવાદ: આ પૃથ્વી પર ત્રણ જ સાચાં રત્નો છે—જળ, અન્ન અને સુભાષિતરૂપ સદ્‌ગુણમય વાણી. પરંતુ અજ્ઞાનીઓ તો માત્ર કિંમતી પથ્થરોને જ રત્ન માને છે; જીવનનું સાચું મૂલ્ય સમજતા નથી.

English Interpretation- Water, food and words of wisdom (Subhashita) are the three gems on the earth but fools consider pieces of stone to be most valuable.

---

૮. સજ્જનનો સ્વભાવ કદી બદલાતો નથી

स्वभावं न जहात्येव साधुरापद्गतोऽपि सन्।
कर्पूरः पावकस्पृष्टः सौरभं लभतेतराम् ॥८

संस्कृतार्थः – यथा अग्निना स्पृष्टस्य कर्पूरस्य सौरभः इतोऽपि वर्धते तथा साधुः आपद्गतः सन् अपि स्वभावं न जहाति।

ભાવાનુવાદ: સજ્જન પુરુષ પર કેટલીય આપત્તિ આવી પડે, છતાં તે પોતાનો સદ્‌સ્વભાવ ક્યારેય છોડતો નથી. જેમ અગ્નિના સ્પર્શથી કપૂર વધુ સુગંધ ફેલાવે છે, તેમ મહાન વ્યક્તિઓ વિપત્તિમાં પણ પોતાના સદાચાર અને સૌમ્યતાને વધુ ઉજ્જ્વળ બનાવે છે.

English Interpretation- As camphor, though touched by fire, emits, more fragrance similarly, virtuous people do not give up their character or temper even in difficult times.

---

૯. પરોપકારમય જીવન જ સાચું જીવન

आत्मार्थं जीवलोकेऽस्मिन् को न जीवति मानवः।
परं परोपकारार्थं यो जीवति स जीवति ॥९

संस्कृतार्थः – अस्मिन् जीवलोके आत्मार्थं सर्वे मनुष्याः जीवन्ति परं परोपकारार्थं यः जीवति सः एव जीवति। (तस्य एव जीवनं सार्थकतां प्राप्नोति।)

ભાવાનુવાદ: આ જગતમાં પોતાનાં સ્વાર્થ માટે તો દરેક મનુષ્ય જીવતો હોય છે; પરંતુ જે પરોપકાર, લોકહિત અને સેવા માટે જીવન વ્યતિત કરે છે, તે જ ખરેખર જીવ્યો કહેવાય. એવું જીવન જ અર્થપૂર્ણ અને ધન્ય છે.

English Interpretation- In this would everyone lives for oneself but he who lives for charity lives truly.

१०. संस्कृत ભાષાનું ગૌરવ

अमृतं संस्कृतं मित्र ! सरसं सरलं वचः ।
भाषासु महनीयं यद् ज्ञानविज्ञानपोषकम् ॥

संस्कृतार्थः- हे मित्र! संस्कृतम् अमृतमस्ति। सरसं सरलं वचनं चास्ति । तथैव अस्मिन् राष्ट्र एकतामूलकं ज्ञान-विज्ञान-पोषकं चास्ति।अनेन संस्कृतभाषायाः महत्त्वं प्रतिपाद्यते।

ભાવાનુવાદઃ હે મિત્ર! સંસ્કૃત અમૃત સમાન છે. તેની વાણી મધુર, સરળ અને રસસભર છે. સંસ્કૃત ભાષા રાષ્ટ્રની એકતાનો મજબૂત આધારસ્તંભ છે તથા જ્ઞાન અને વિજ્ઞાનના સર્વાંગી વિકાસને પોષણ આપનારી દિવ્ય ભાષા છે. તે રાષ્ટ્રીય ચેતના અને સાંસ્કૃતિક એકતાને સશક્ત બનાવે છે.

English Interpretation- Hey friend! Sanskrit is like the Amrit, the nectar of immortality. Conversations in Sanskrit is succulent and simple. Sanskrit is at the root of the nation's unity as well as the nurturer of knowledge and science. It also strengthens the nation.

……………………………………………………………